# (ઓલપાડના મહે. પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમા.)

(રામુભાઈ મુળજીભાઈ વાંસીયા વિગેરે **વિરુધ્ધ** ગોમાનભાઈ દેવજીભાઈ પરમાર વિગેરે)

**સ્પે.દિ.મુ.નં.૧૫૯/૨૦૧૮.**

## <u>વાદીની આંક–૫ મનાઈ અરજી લગત હુકમ.</u>

**(૧)** વાદીએ હાલનો દાવો વહેંચણ તથા દસ્તાવેજ રદ કરવા તથા જાથુકની મનાઈ તથા જાહેરાતનો લાવી હાલની અરજી દાવા અરજીના પેરા–૨ મા જણાવેલ મોજે ગામ સિવાણ, તા.ઓલપાડ, જી.સુરતના મધ્યે આવેલ બ્લોક નં.૧૮/બ વાળી જમીન જેનુ ક્ષેત્રફળ ૦.૯૩.૦૮ ચાલી આવેલ છે જે જમીન વાદીઓની માતૃશ્રીની પિતાશ્રીની બાપદાદા વખતથી ચાલી આવેલ છે જેમા વાદીઓનો અડધો વર્ણ વહેચાયેલો હીસ્સો સમાયેલ છે તેવી મીલકતમા આ કામના પ્રતિવાદીઓ કોઈપણ રીતે ગેરકાયદેસર રીતે પ્રવેશ કરે કરાવે નહી તેમજ અન્ય કોઈને કોઈપણ રીતે ગીરો, બક્ષીસ, વહેચણ કે ટ્રાન્સફર કરે કરાવે નહી તે માટેનો કામચલાઉ મનાઈ હુકમ માટેની માંગણી કરેલ છે.

**(૨)** હાલની અરજી તળે હુકમ થતો હોય પુનરાવર્તન ટાળવા સારુ અરજીની વિગત જણાવવામા આવેલ નથી.

**(૩)** સદરહુ કામમાં વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો જવાબ પ્રતિવાદી નં.૧ અને ૨ તરફે આંક–૧૪ થી જવાબ રજુ થયેલ છે અને તેમા મહદઅંશે તેની હકીકતોનો ઈન્કાર કરવામા આવેલ છે અને પુનરાવર્તન ટાળવા સારુ જવાબોની વિગતો અત્રે જણાવવામા આવેલ નથી.

**(૪)** વાદી તરફે પોતાની દાવા અરજી તથા મનાઈ અરજીના સમર્થનમા આંક–૩ ના લીસ્ટથી નિ.૩/૧ થી નિ.૩/૯ સુધીના તથા આંક–૩૩ થી નિ.૩૩/૧ થી નિ.૩૩/૨ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

ત્યારબાદ પ્રતિવાદીઓ તરફે નિ.૧૫/૧ થી નિ.૧૫/૨૪ સુધીના તથા આંક–૨૫ ના લીસ્ટથી નિ.૨૫/૧ થી નિ.૨૫/૯ સુધીના, આંક–૩૬ થી નિ.૩૬/૧ થી નિ.૩૬/૬ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(૫) ત્યારબાદ વાદી તરફે તેઓની અરજી મુજબ મૌખિક દલીલો કરવામા આવેલ જે ધ્યાને લીધી.

ત્યારબાદ પ્રતિવાદીઓ તરફે આંક–૮૩ થી લેખિત દલીલો રજુ કરવામા આવેલ છે જે વંચાણે લીધી.

(૬) આ અરજીનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદા ઉપસ્થિત થાય છે.

૧. શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

૨. શું સગવડતા–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે?

૩. શું મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવા સંભવ છે ?

૪. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદા પરત્વેનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ.

– : : **<u>કા ર ણો</u>** : : –

**<u>મુદા નં.૧ થી ૩</u>** :–

ઉપરોકત મુદા નં.૧ થી ૩ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા હોય હકીકતોનાં પુનરાવર્તનને ટાળવા તમામ મુદાની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૮) કાયદાનો એ પ્રસ્થાપીત સિધ્ધાંત છે કે ગમે ત્યારે કોઈ અરજી કોર્ટ સમક્ષ આપે ત્યારે તેને તરત મનાઈહુકમ આપી દેવો જોઈએ નહી. મનાઈ અરજીને મંજુર કરવી એ કોર્ટનો ન્યાયીક વિશેષાધીકાર છે. અને જયારે પણ મનાઈ માંગવામા આવે ત્યારે મનાઈ મંજુર કરવાના ૩ મહત્વના સિધ્ધાંતના આવશ્યક તત્વો શોધવા કોર્ટ ફરજથી બંધાયેલી છે. વચગાળાની મનાઈ અરજીનો નિર્ણય કરતી વખતે ધ્યાનમા

રાખવાના મહત્વના ૩ સિધ્ધાંતો માનનીય ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નીચેના કેસમા પ્રસ્થાપીત કરવામાં આવેલા છે.

Registrar of High Court of Gujarat, Ahemadavad vs. B. J. Patel, reported in 1997 (2) G.L.H. 240. Hon'ble Gujarat High Court has held that "It may also be noted at this stage that the parameters for the grant of interlocutory order though are not prescribed in the constitution, but are analogous to the provisions of order-39, R-1 & 2 of the Code of Civil Procedure, 1908." Our Hon'ble Gujarat High Court has further held in this case that "It is a settled proposition of law that interim order during the pendency of the main dispute can be granted provided the following ingredients are established to the hilt (1) Primafacie case (2) Balance of Convenience and (3) irreparable injury." As laid down by the Hon'ble Gujarat High Court in this case that mere existence of one of the factors is not sufficient. The our Hon'ble Gujarat High Court has laid down the principles guiding in deciding the application for ad-interim injunction under the provision of Order 39, Rule 1, 2. The Hon'ble High Court has laid down the settled principles regarding the injunction and held that "All the three principles governing the grant or refusal of the interlocutory injunction or order must co-exist. It is not enough even strong primafacie case is shown, it must be successfully shown that there is strong primafacie case and irreparable harm will be caused to the petitioner if the interlocutory order is refused and balance of convenience tilts in favour of the petitioner." Taking into consideration the above principles enunciated by the Hon'ble Gujarat High Court, the plaintiff is required to establish the said three parameters are in his favour.

(૯) આમ કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ મનાઈ હુકમ આપવાની દાદ તે અદાલતની વિવેકાધીન દાદ છે. પરંતુ વિવેક બુધ્ધિનો ઉપયોગ કોર્ટને નીચેની બાબતોનો સંતોષ થયાને આધારીત છે.

**કામચલાઉ મનાઈહુકમને નિયંત્રિત કરતાં કાનૂની સિધ્ધાંતો જોઈએ તો**

સીવીલ પ્રોસીજર કોડ, ૧૯૦૮ નાં ઓર્ડર–૩૯, રૂલ–૧ અથવા રૂલ–૨ ની જોગવાઈ મુજબ નિયત થયેલ સંજોગો અસ્તિત્વમાં હોય તો કામચલાઉ કે, વચગાળાનો

મનાઈહુકમ મંજુર કરી શકાય. રૂલ–૧ અથવા રૂલ–૨ ની જોગવાઈ હેઠળના સંજોગો જો અસ્તિત્વમાં ન હોય તો અદાલતને કામચલાઉ કે, વચગાળાનો મનાઈહુકમ મંજુર કરવાની હકુમત નથી. પરંતુ રૂલ–૧ હેઠળનાં સંજોગો અસ્તિત્વમાં હોય તો પણ અદાલત કામચલાઉ કે, વચગાળાનો મનાઈહુકમ આપવા કે, મંજુર કરવા બંધાયેલ નથી કે, અદાલતને કામચલાઉ વચગાળાનો મનાઈહુકમ આપવા કે મંજુર કરવા ફરજ પાડી શકાય નહિ. રૂલ–૧ હેઠળની કામચલાઉ કે , વચગાળાના મનાઈહુકમ અંગેની જોગવાઈ સંચકતપણે અદાલતની વિવેકબુધ્ધિ ઉપર આધારિત છે.

કામચલાઉ મનાઈહુકમ માંગનાર વ્યકિતએ કોર્ટને સંતોષ થાય તે રીતે બતાવવું જ પડે કે,

**:૧:** દાવામાં મહત્વનાં અને ગંભીર પ્રશ્નોની ઈન્સાફી કાર્યવાહી થવાની છે અને હકકોનો નિર્ણય કરવાનો છે અને તેમાં સફળ થાય તેવી પુરી શકયતા છે.

**:૨:** મનાઈહુકમ માંગનાર વ્યકિતનાં હકકોનાં રક્ષણ માટે અદાલતનો હસ્તક્ષેપ જરૂરી છે કે, જેથી તે પોતાનો હકક પ્રસ્થાપિત કરવામાં સફળ થાય.

**:૩:** જો મનાઈ હુકમ માંગનાર વ્યકિતને કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો તે વ્યકિત નાણાંથી ભરપાઈ થઈ શકે નહિ તેવું અસહ્ય નુકશાન થવાનો સંભવ છે.

**(૧૦)** આ કામના વાદીની દલીલ મુજબ દાવાવાળી મીલકત મોજે ગામ સીવાણ, તા.ઓલપાડની બ્લોક નં.૧૮/બ વાળી જમીન વાદીઓના માતા ગંગાબેનના પિતાજી દેવજીભાઈ લાલજીભાઈ પરમારના બાપ દાદા વખતથી ચાલી આવેલ છે. દેવજીભાઈ લાલજીભાઈ પરમાર વાદીઓના માતાના પિતા એટલે કે તેઓના નાના થતા હોય તા.૧૧/૧૦/૫૮ ના રોજ સીવાણ મુકામે અવસાન પામતા તેમની સીધીલીટીના વારસદારોમા વાદીઓની માતા ચાલી આવેલ અને દેવજીભાઈ લાલજીભાઈ પરમાર ગુજરી જતા વાદીઓના માતાનો અડધો હીસ્સો સદર દાવાવાળી મીલકતમા ચાલી આવેલ છે અને વાદીઓની જાણ બહાર વાદીઓની કોઈ સહી સંમતિ વિના પ્રતિવાદી નં.૧ નાએ ખોટી રીતે એન્ટ્રી પડાવી અને તેઓના એકલાના નામે દાવાવાળી મીલકત ચાલે છે તેનો ગેરલાભ ઉઠાવીને પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૨ ની તરફેણમા તા.૨૬/૧૧/૧૪ ના રોજ

વેચાણ દસ્તાવેજ કરી આપી અવેજની તમામ રકમ પોતાના અંગત ઉપયોગમા લઈ અપ્રમાણીકપણે વાપરી નાંખેલ છે તેમ કરી વાદીઓ સાથે છેતરપીંડી અને દગો કરેલ છે અને વાદીઓનો વણ વહેચાયેલ અડધો હીસ્સો દાવાવાળી મીલકતમા ચાલી આવેલ છે અને સદર હીસ્સો મેળવવા અને દસ્તાવેજ રદ કરવા સારૂ હાલનો દાવો કરવાની જરૂરીયાત ઉભી થયેલ હોવાનુ જણાવી મનાઈ હુકમની માંગણી કરેલ છે.

આ કામે પ્રતિવાદીની દલીલો ધ્યાને લેતા વાદીનો દાવો પ્રથમ દર્શને મુદત બહારનો છે. વાદીએ ૫૩ વર્ષના સમયગાળા દરમ્યાન તથા વાદીના માતૃશ્રી તા.૮/૧/૨૦૧૩ ના રોજ ગુજરી ગયેલ છે અને વાદીઓના માતૃશ્રીએ તેણીનો હકક ઉઠાવી લીધાના ૧૮ વર્ષ બાદ દાવાવાળી જમીનમા હકક હીસ્સા અંગે તકરાર કરેલ છે. વાદીના માતૃશ્રીએ તેમની હયાતી દરમ્યાન દાવાવાળી જમીનમા હકક હીસ્સાની કોઈ તર તકરાર કરેલ નથી. દાવાવાળી જમીનની બજાર કિંમત વધતા વાદીઓની દાનત બગડેલ છે અને વાદીઓના મર્હુમ માતૃશ્રીએ દાવાવાળી જમીન બાબતે પ્રતિવાદી નં.૧ ના લાભમા તા.૨/૧૨/૧૯૯૭ ના રોજ નિ.૨૫/૧ નો હકક છોડયા બાબતનો કહેવાતો લેખ લખી આપેલ છે અને મહત્વની હકીકતો છુપાવીને વાદીએ હાલનો દાવો કરેલ છે. સદર દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૧ ની સ્વતંત્ર માલીકી અને સ્વપાર્જીત મીલકત ચાલી આવેલ છે અને દાવાવાળી મીલકતો વડીલો પાર્જીત ચાલી આવેલ નથી.જેથી વાદીઓનો હાલનો દાવો કરવા માટેનુ કોઈ કારણ ઉત્પન્ન થતુ ન હોય વાદીનો દાવો રદ કરવા માટે માંગણી કરેલ છે.

આમ વાદીની તકરાર જોતા સદર દાવાવાળી જમીન વાદીઓના નાના નામે દેવજીભાઈ લાલજીભાઈ પરમારના નામે હોવાનુ જણાવી અને તેઓ તા.૧૧/૧૦/૫૮ ના રોજ સીવાણ મુકામે ગુજરી જતા વાદીઓના માતૃશ્રી દેવજીભાઈ લાલજીભાઈ પરમારની દિકરી થતી હોય જેથી દાવાવાળી મીલકતમા સીધીલીટીના વારસદારની રૂએ હકક હીસ્સો આવેલ હોવાનુ જણાવી વાદીઓનો દાવાવાળી મીલકતમા હકક હીસ્સો ચાલી આવેલ હોવાનુ જણાવેલ છે. આ કામે વાદી તરફે રજુ થયેલ નિ.૩/૩ થી વાદીના માતૃશ્રી ગંગાબેન મુળજીભાઈના મરણનો દાખલાની ઝેરોક્ષ રજુ થયેલ

છે જે વંચાણે લેતા તા.૦૮/૦૧/૨૦૧૩ ના રોજ તેઓ મરણ ગયેલ હોવાનુ જણાય છે. નિ.૩/૫ થી દાવાવાળી મીલકતમા આ કામના પ્રતિવાદી નં.૧ નુ નામ રેવન્યુ રેકર્ડ પર ચાલી આવેલ હોવાનુ જણાય છે તેમજ નિ.૩/૧ થી રજુ થયેલ વેચાણ દસ્તાવેજ વંચાણ લેતા આ કામના પ્રતિવાદી નં.૧ નાએ સદરહુ દાવાવાળી મીલકત પ્રતિવાદી નં.૨ ની તરફેણમા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૧૬૬૭૧/૧૪, તા.૨૬/૧૧/૨૦૧૪ થી વેચાણ કરી દીધેલ છે. આ કામે પ્રતિવાદી નં.૧ તરફે નિ.૨૫/૧ થી રીલીઝ ડીડ યાને મીલકતમાથી હકક ઉઠાવી લેવાના દસ્તાવેજની ઝેરોક્ષ રજુ કરેલ છે જે વંચાણે લેતા સદરહુ દાવાવાળી મીલકતમાથી વાદીઓના માતૃશ્રીએ આ રીલીઝ ડીડથી હકક હીસ્સો ઉઠાવી લીધેલા હોવાનુ જણાય આવે છે જે તા.૨/૧૨/૧૯૯૭ ના રોજનો છે. આમ સદરહુ રીલીઝ ડીડ ખોટો હોવા બાબતે વાદીના માતૃશ્રીએ તેમની હયાતી દરમ્યાન કોઈ તકરાર ઉઠાવેલ હોય તેવી કોઈ હકીકત હાલના તબકકે જણાય આવતી નથી અને આ કામના વાદીના માતૃશ્રી ધ્વારા સદરહુ દાવાવાળી મીલકત અંગે તેમની હયાતી દરમ્યાન કોઈ હકક હીસ્સાની માંગણી કરેલ હોય તે દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો હાલના તબકકે રજુ થયેલ નથી.સદરહુ દાવાવાળી મીલકત પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૨ ની તરફેણમા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી આપેલ છે અને પ્રતિવાદી નં.૨ હાલ દાવાવાળી મીલકતના માલીક કબજેદાર વેચાણ દસ્તાવેજ આધારે થયેલ હોવાનુ જણાય આવે છે તે સંજોગોમા વાદીનો પ્રાઈમાફેસી કેસ હોવાનુ જણાય આવતુ નથી.

આમ ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનુ જણાઈ આવતુ નથી. જેથી માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ નહી આપવાથી વાદીને નાંણામાં આંકી ન શકાય તેવુ કોઈ નુકશાન હોવાનુ પણ જણાઈ આવતુ નથી, તેમજ સગવડતા અગવડતાની સમતુલા અને ઈરરીપેરેબલ લોસના પાસાઓ પણ વાદી કરતા પ્રતિવાદીની તરફેણમાં વધુ હોવાનુ જણાઈ આવે છે. આમ વાદી વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેના તમામ પાસાઓ પોતાની તરફેણમાં હોવાનુ રેકર્ડ ઉપર પુરવાર કરી શકેલ ન હોય, હાલના તબકકે વાદી પોતાની મનાઈ હુકમની અરજીમાં માંગ્યા મુજબનો મનાઈ હુકમ મેળવવા હકકદાર બનતા

નથી, તેથી મુદા નં.૧ થી ૩ નો જવાબ ઉપર મુજબ નકારમાં આપી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–::હુકમ::–</u>**

''**૧**'' વાદીની આંક–૫ ની અરજી આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

''**૨**'' ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ: ૨૧ મી, માહે–નવેમ્બર, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૧/૧૧/૨૦૨૪
સ્થળ –ઓલપાડ

(જીગ્નેશકુમાર સુરેશભાઇ પંચાલ)
પ્રિન્સી. સિનિયર સિવિલ જજ,–ઓલપાડ.
[કોડ નં. જી.જે.–૦૦૯૮૯]